ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણાં અને વિકાસ નિગમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક- **SJED/RON/e-file/17/2023/1133/CHH-1 Section**
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૧/૨૦૨૫.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૧૭/૦૫/૨૦૧૭નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૧૨/૦૫/૨૦૨૦નો ઠરાવ.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૨૬/૦૨/૨૦૨૧નો ઠરાવ.

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૦૭/૦૨/૨૦૨૨નો ઠરાવ.

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- **SJED/RON/e-file/17/2023/1133/CHH-1**, તા.૦૧/૦૪/૨૦૨૩નો ઠરાવ

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક- **SJED/RON/e-file/17/2023/1133/CHH-1**, તા.૦૭/૦૨/૨૦૨૪નો ઠરાવ

(૭) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૧૮/૦૧/૨૦૨૫નો પત્ર નં.DSD/0243/01/2025.

<u>આમુખ:-</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની રચના કરવા બાબતેના વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૭ ના ઠરાવથી નિગમના મહેકમ બાબતે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૨/૦૫/૨૦૨૦ ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની એબેયન્સમાં ગયેલ ૦૪ (ચાર) જગાઓને એબેયન્સમાંથી મુક્ત કરી, પુન:જીવિત કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના તા.૨૬/૦૨/૨૦૨૧ ના ઠરાવથી સદરહું ૦૪ (ચાર) જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના વિભાગના તા. ૦૭/૦૨/૨૦૨૨ ના ઠરાવથી સદરહું ૦૪ (ચાર) જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૩ ના ઠરાવથી સદરહું ૦૪ (ચાર) જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના વિભાગના તા.૦૭/૦૨/૨૦૨૪ ના ઠરાવથી સદરહું ૦૪ (ચાર) જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૪ થી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. આ ૦૪ હંગામી જગાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરના તા.૧૮/૦૧/૨૦૨૫ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરના તા.૦૧/૦૧/૨૦૨૫ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણાં અને અને વિકાસ નિગમની નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની ક્રમ નં.૧ થી ૪ની કુલ-૪(ચાર) હંગામી જગાઓને તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની નીચેના કોષ્ટકની વિગતે આથી મંજૂરી આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧, તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેકટર | ૧ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦<br>ગ્રેડ પે-૭૬૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | સમાજ સુરક્ષા અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૪ | સિનીયર કલાર્ક | ૩ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦<br>ગ્રેડ પે-૨૪૦૦ |

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તથા અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૯/૦૧/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણાં અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:P M Gameti
Section Officer
Date:2025.01.30
18:18:11 +5:30